# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-10-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્યમાં ટેક પોલિસિંગમાં સિદ્ધિ

**ટેક પોલિસિંગની દિશામાં રાજ્ય પોલીસે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. પોલીસે નેશનલ ઑટોમૅટેડ ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમની મદદથી ગત નવ મહિનામાં 80 ગુનાના ભેદ ઉકેલ્યા છે. આ અંગે માહિતી આપતાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે કહ્યું કે, ટૅક્નોલૉજીનો ઉપયોગ ગુના ઉકેલવાની પ્રક્રિયાને વધુ ઝડપી અને સચોટ બનાવશે. રાજ્યની પોલીસ સ્માર્ટર અને પ્રૉફેશનલ પોલીસિંગ માટે ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવા કટિબદ્ધ છે.**

**(બાઈટ... પોલીસ વડા વિકાસ સહાય)**

**--------------------------------------------------------------------------------**

## ભાઇબીજ

**જિલ્લાભરમાં આજે ભાઈ-બહેનના પાવન પ્રેમના તહેવાર ભાઈબીજની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે બહેનોએ ભાઈના માથે તિલક લગાવી તેમનાં લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. તો ભાઈઓ દ્વારા બહેનોની સલામતી અને સંભાળનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.**

**--------------------------------------------------------------------------------**

## મન કી બાત કાર્યક્રમ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે.આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—**

**7800 પર તેમજ નરેન્દ્ર મોદી એપ્લિકેશન અને માય GOV ઓપન ફોરમના માધ્યમથી ઓનલાઈન મોકલી શકે છે.આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.**

**----------------------------------------------------------------------------------------------**

## કારમાં આગની ઘટના

**અંજાર તાલુકાના દુધઈ ધોરીમાર્ગ પર આજે સવારે ભુજ તરફ જઈ રહેલી એક કારના અચાનક આગ લાગી હતી. કારમાં સવાર પરિવારે સમયસૂચકતા વાપરી કારમાંથી બહાર નીકળી જતા તેમનો આબાદ બચાવ થયો હતો. જોકે, આગને કારણે કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.**

**કારમાં લાગેલ CNG કીટમાંથી સતત ગેસ લીક થતો હોવાથી આગ વધુ પ્રસરી હતી. ભચાઉ ફાયર વિભાગે બે કલાક સુધી પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવ્યો હતો.**

**----------------------------------------------------------------------------------------------**

## આવતીકાલે રાષ્ટ્રસંઘ દિવસ

**વિકાસ. આવતીકાલે રાષ્ટ્રસંઘ દિવસની ઉજવણી કરવામાં આવશે. વર્ષ 1945 માં ૨૪ મી ઓક્ટોબરે રાષ્ટ્ર સંઘની વિધિવત સ્થાપના થઇ હતી. બીજા વિશ્વ યુદ્ધ પછી આંતરરાષ્ટ્રીય સંઘર્ષની સ્થિતિમાં હસ્તક્ષેપના ઉદ્દેશ સાથે તેની સ્થાપના કરાઇ હતી. પ્રસ્તુત છે એક અહેવાલ**

**(વોઈસ કાસ્ટ-કલ્પના શાહ)**

**----------------------------------------------------------------------------------------------**

## GST બચત ઉત્સવ

**22મી સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. આ અંગે ભુજના શિક્ષિકા શીખા શર્માએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.**

**(બાઇટ : શિક્ષિકા શીખા શર્મા)**

---

## ક્રિકેટ

**ઓસ્ટ્રેલિયાએ ભારતને બીજી એક દિવસીય મેચમાં બે વિકેટે હરાવી બન્ને મેચ સાથે ત્રણ મેચની શ્રેણી જીતી લીધી છે. આજે એડીલેડ ખાતે રમાયેલી મેચમાં ભારતીય ટીમે 9 વિકેટે 264 રન કર્યા હતા જેમાં રોહિત શર્માના 73 અને શ્રેયસ ઐયરના 61 રન મુખ્ય હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 8 વિકેટ ના ભોગે 265 રન કરી મેચ સાથે શ્રેણી બે વિરુદ્ધ શૂન્ય સાથે જીતી લીધી છે.**

---

## કચ્છમાં પ્રવાસીઓનો ધસારો

**દિવાળી વેકેશન શરુ થતા જ જીલ્લાના પર્યટન અને ધાર્મિક સ્થળો ખાતે પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. સફેદ રણનો વિશિષ્ટ નજારો, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને શાંતિનો અનુભવ કરવા માટે લોકો ઉત્સુક બન્યા છે. રણોત્સવની ટેન્ટ સિટી અને વિવિધ રિસોર્ટ એડવાન્સ બુકિંગ થઈ ચૂક્યા છે. રણોત્સવ ઉપરાંત, ભુજમાં આવેલ આઈના મહેલ, પ્રાગ મહેલ, સ્મૃતિવન, તેમજ વિશ્વ વિરાસત સ્થળ ધોળાવીરાની મુલાકાત લેવા માટે પણ પ્રવાસીઓ ઉમટતા હોય છે. રોડ ટુ હેવનની મુસાફરી, કાળા ડુંગરનો નયનરમ્ય સૂર્યોદય-સૂર્યાસ્ત અને માંડવીનો રમણીય બીચ પણ વેકેશનમાં પ્રવાસીઓ માટે આકર્ષણના કેન્દ્ર બન્યા છે.**

---